**કૃપાકરી પ્રસિધ્ધી માટે -** **૧૦ ઓકટોબર ૨૦૦૯**

## મનસેનાં શિરીષ પારકર નાં વિરોધમાં ગુનો દાખલ

**મુંબઈ, શનિવાર :** મનસેનાં શિરીષ પારકરે ભાજપ નેતા શ્રી રામ નાઈકના વિષયે "આઈબીએન લોકમત" પર હળાંહળ જૂઠ્ઠાં વિધાનો ની ચૂંટણી પંચે ગંભીર નોંધ લઈ શ્રી પારકર નાં વિરોધમાં દખલપાત્ર ગુનો દાખલ કરેલ છે.

મનસેના પ્રવકતા અને વિલેપાર્લા વિધાનસભા નાં ઉમેદવાર શ્રી શિરિષ પારકરે "આઈબીએન લોકમત" ના "આજચા સવાલ" કાર્યક્રમમાં બોલતીવેળાં દર ત્રણ મહિને શ્રી રામ નાઈક નું લોહી બદલવું પડે છે, તેમજ શ્રી રામ નાઈક મરાઠીદ્વેષી છે. તેવાં વિધાનો કર્યા હતાં. શ્રી શિરીષ પારકરે આટલી છેલ્લી પાયરીએ ઉતરી કરેલ વિધાનોને કારણે ભાજપ કાર્યકર્તા અને શ્રી રામ નાઈકના ચાહકો વ્યથિત થયાં હતાં. છતાંયે શ્રી રામ નાઈકે સંયમ દાખવી શ્રી શિરીષ પારકર ની વિરૂધ્ધ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

ચૂંટણી મેદાન માં ઉમેદવારો એ વ્યકિતગત અને ખોટા આરોપ કે વિધાનો કરવા નહીં તેમ ચૂંટણી આચારસંહિતામાં સ્પષ્ટપણે લખ્યું હોવા છતાંયે શ્રી પારકરે આ મુજબનાં વિધાનો કર્યાં હતાં. વિશેષતઃ આખાય જીવનમાં કયારેય પણ શ્રી રામ નાઈક પર લોહી બદલવાનો વખત આવ્યો ન હોવા છતાં યે શ્રી પારકરે આવાં વિધાનો કરવા તે અતીશય ખેદજનક તેમજ હલ્કી કક્ષા નું સંભાષણ છે. અધૂરામાં પૂરૂં આખુંય જીવન સમાજનાં સર્વ લોકોને સાથે લઈ સામાજીક કાર્યો કરનારાં શ્રી રામ નાઈક ને તેમણે મરાઠીદ્વેષી પણ કહ્યાં તેને કારણે શ્રી પારકર નાં વિરોધમાં આચારસંહિતા ભાંગ કર્યા ની ફરિયાદ શ્રી રામ નાઈકે ૨ ઓકટોબર નાં નોંધાવી હતી.ત્યારબાદ પુરાવા રૂપે કાર્યક્રમની સીડી પણ શ્રી રામ નાઈકે ચૂંટણી પંચને આપી હતી.

ઉકત ફરિયાદ ની ગંભીર નોંધ લઈ વિલેપાર્લા મતદાર સંઘ નાં ચૂંટણી અધિકારી શ્રી તાનાજી શિંદે એ વિલેપાર્લા પોલીસ સ્ટેશન માં ભારતીય દંડ વિધાન ૧૮૮ મુજબ શ્રી શિરીષ પારકર નાં વિરોધમાં દખલપાત્ર ગુનો નોંધવામાં આવ્યો છે.સદર કલમ અનૂસાર શ્રી શિરીષ પારકર ને એક મિહનાનો જેલવાસ થઈ શકે છે.

આ સંદર્ભે પોતાની પ્રતિકકિયા વ્યકત કરતાં શ્રી રામ નાઈકે કહ્યું કે , "ચૂંટણી ટાણે એકમએક ની વિરૂધ્ધ લડતાં સભ્યતા પાળવામાં આવે તેવી અપેક્ષા હોય છે. ખરૂં જોતાં આ ચૂંટણીમાં હું ઉમેદવાર પણ નથી.છતાંયે આ કક્ષાએ ઉતરી મનસે નાં પ્રવકતા બોલી રહ્યાં છે.આમાંથી સમજૂ મતદાર યોગ્ય અર્થ કાઢશે." મહારાષ્ટ્રમાંફકત વિદ્વેષ નાં બી રોપનારાં મનસેનો પરાજય કરી મતદારો સ્પષ્ટ જવાબ વાળશે, તેવો વિશ્વાસ પણ શ્રી રામ નાઇકે વ્યકત કર્યો હતો.

**(કાર્યાલય સચિવ)**

**સંલગ્ન : ચૂંટણી નિર્ણય અધિકારી નો પત્ર**

## १६७ विलेपार्ले विधानसभा मतदारसंघाचे कार्यालय

न्यु एअर पोर्ट कॉलनी, कम्युनिटी हॉल, पश्चिम द्रुतगती मार्ग विलेपार्ले पूर्व
मुंबई ४०० ०९९ दूरध्वनी क्र.२८३८४४४२

क्र.निनिअ/१६७ विलेपार्ले/२
दिनांक: ०९.१०.२

प्रति
मा.श्री. राम नाईक
९, शिवस्मृती, ५१ जयप्रकाश नगर
गोरेगाव पूर्व, मुंबई ४०० ०६३.

विषय: विलेपार्ले विधानसभा मतदारसंघाचे उमेदवार श्री. शिरीष पारकर यांच्याविरुध्द आचारसंहिता भंग केल्याबद्दलची तक्रार

संदर्भ: आपले २.१०.२००९ व ५.१०.२००९ चे पत्र

महोदय,

कृपया २ ऑक्टोबर व ५ ऑक्टोबर २००९ चे उपरोक्त विषयासंदर्भातील पत्र आपल्या तक्रारीनंतर श्री. शिरीष पारकर यांना पत्र लिहून त्यांचा लेखी खुलासा दि.३.१०. रोजी मागितला होता व तो दि.५.१०.२००९ रोजी या कार्यालयास प्राप्त झाला. दि.७.१०.२००९ रोजी वरिष्ठ पोलीस निरीक्षक, विलेपार्ले पोलीस ठाणे यांना प्रस्तुत वि अनुषंगाने निवडणूक कायद्याच्या तरतुदीनुसार योग्य ती कायदेशीर कारवाई करण्यास सां आले. त्यानुसार वरिष्ठ पोलीस निरीक्षक, विलेपार्ले पोलीस ठाण्याने दि.९.१०.२००९ भा.द.वि. कलम १८८ अनुसार श्री शिरीष पारकर यांचे विरोधात केस नोंदविण्यात आली अ

आपल्या माहितीसाठी अग्रेषित.

कळावे,

9/10

निवडणूक निर्णय अधिकारी
१६७ विलेपार्ले विधानसभा मत

श्री. राम नाईक
का जनसंपर्क कार्यालय-मुंबई
10 OCT 2009
Office of
Shri Ram Naik - Mumbai